# અમારો પુરૂષાર્થ અને અમારી ભાવનાઓ...

## યુવા - જાગરણ

### અમારો પહેલો પોકાર યુવાનોને.......

### યુવાન ! ઊઠ ! ઊભો થા ! ધર્મ મહાસત્તાના સાદ સાંભળ !

❖ સંસ્કૃતિમાતાની રક્ષા કાજે તમામ સામર્થ્ય કામે લગાડ !
❖ ચાતુર્માસમાં રવિવારીય શિબિરો દ્વારા યુવાનોના જીવનક્યારામાં ધર્મ બીજનું વાવેતર અને સિંચન.
❖ પ્રત્યેક ગુરૂવારે સાપ્તાહિક મિલન દ્વારા પ્રેરણા,મંથન અને યોજનાબદ્ધ ભાવિ કાર્યક્રમોની વિચારણા.
❖ યુવાનોને સામાયિક,જાપ આદિ ધર્માનુષ્ઠોની અનુકુળતા માટે વ્યવસ્થા કરવી.
❖ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે સંસ્કારી સાત્વિક સાહિત્ય સાભાર જ્ઞાનભંડારનું સંચાલન.

## શ્રુત જાગરણનું ભગીરથ કાર્ય

❖ પરિવાર દ્વારા સંચાલિત શ્રુતગંગા દ્વારા ૩૦૦ જેટલા લહિયાઓ દ્વારા ૮૦૦-૧૦૦૦ વર્ષ ટકે તેવા સાંગેનેરી કાગળો પર શાસ્ત્રીય પધ્ધતિથી બનાવેલી મસિ(શાહી) થી હસ્તલિખિત ગ્રંથો લખવાનું કામ હાલમાં ભારતભરમાં ૧૧ જેટલા કેન્દ્રમાં ચાલુ છે.

## પરમાત્મભક્તિ

❖ કલ્યાણકારી તારક તીર્થોની ભક્તિ માટે શાસ્ત્રોકત મર્યાદાઓના પાલનપૂર્વકના યાત્રા પ્રવાસોનું આયોજન.
❖ વિરાટ સ્વરૂપ અષ્ટપ્રકારી પૂજા. મેરૂ મહોત્સવ, કલ્યાણક મહોત્સવ, જિનાલયોમાં અભિષેક, સામુદાયિક જાપ, મહાપૂજા,ચૈત્યપરીપાટી આદિનું શાસ્ત્રોક્ત વિધિપૂર્વકનું ભક્તિસભર આયોજન.
❖ શ્રદ્ધા અને પ્રેરણાના કેન્દ્ર સમા જિનબિંબો અને જિન મંદિરોની શુદ્ધ,નિર્દોષ, અને કિંમતી દ્રવ્યોથી શુધ્ધિ.

## ગુરૂભક્તિ

❖ પૂજય ગુરૂભગવંતોની પૂજ્યતાની અને તેમના ગૌરવની રક્ષા.
❖ જંગમ તીર્થરૂપ સંયમી,જ્ઞાની અને તપસ્વી પૂજ્ય ગુરૂભંગવતોની વંદનયાત્રા.
❖ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સંયમયાત્રામાં સહાયક બનવાનો લાભ લેવાની સદા તત્પરતા.
❖ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને દેશી-નિર્દોષ-શુધ્ધ ઉપકરણો, ઘડા, આદિ વહોરાવી ભક્તિ કરવી.
❖ ગ્લાન સાધુ-સાધ્વીજી ભગવંતોની ઔષધિ તથા આયુર્વેદિક વૈયાવચ્ચ અન્ય સેવા ભક્તિથી બહુમાનપૂર્ણ વૈયાવચ્ચ.

## સંઘસેવા

❖ જિનાલયની વર્ષગાંઠ,વર્ષીતપના પારણા, ઉપધાનનું અનુષ્ઠાન કે અંજનશલાકા મહોત્સવ હોય, સ્થાનિક સંઘના તમામ કાર્યોમાં પરિવારના યુવાનોની સક્રિય સેવા અને વિવિધ પ્રસંગોમાં અભક્ષ્ય,રાત્રિભોજન,દ્વિદળ, બુફે જેવી વિરાધનાઓ નિવારવા શ્રી સંઘને પૂર્ણ સહકાર.

- ❖ જૈનસંઘના અને જિનશાસનનાં સંપત્તિ,તીર્થો,આચારો,અનુષ્ઠાનો,શ્રમણો આદિ ઉપર આવનાર આપત્તિઓનો અને થનારા ઉપદ્રવોનો સંગઠિત યુવા તાકાત દ્વારા પ્રતિકાર.
- ❖ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટેના ઉપકરણોનું વ્યાજબી મુલ્યથી વિતરણ. શ્રમણપુરૂષોના અભાવવાળા,ક્ષેત્રો અને સઘોમાં તાલીમબદ્ધ ચારિત્ર્યસંપન્ન, ભાવનાશાળી યુવાન શ્રાવકો દ્વારા પર્યુષણા મહાપર્વ,જન્મકલ્યાણ પર્વ આદિની આરાધના કરાવવી.
- ❖ જિનશાસન ઉપરના બાહ્ય આક્રમણો સામે રક્ષાકવચ-સકલ જૈન સંઘોનો ઉત્કર્ષ જેવા વિવિધ હેતુઓથી તીર્થો અને જિનાલયમાં શુધ્ધિ, સામુહિક અભિષેક,મહાઅભિષેક જેવા અનુષ્ઠાનોની વ્યવસ્થાઓનું સંચાલન (ઉદા. સમગ્ર ભારતમાં વિરાટ ધોરણે આયોજિત સૌ વર્ષથી વધુ પ્રાચીન જિનાલયોમાં શુધ્ધિ અને અઢાર અભિષેક સિધ્ધાચલજીના મહા અભિષેક, મહાનગર મુંબઈમાં એક સાથે પાંચસો જિનાલયોમાં અઢાર અભિષેક આદિમાં વર્ધમાન પરિવારના સેંકડો યુવાનોએ અને તેમના પરિવાજનોએ એકસાકળ બની,આયોજનને પૂર્ણ સફળતા મળે તેમાટે સમય, સામર્થ્ય પ્રદાન કરી અપાર ભક્તિનો લાભ લીધો હતો.)
- ❖ પૂજ્ય પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ દ્વારા માર્ગદર્શિત વિશેષજ્ઞો દ્વારા સૂચિત શાસ્ત્રીય વિધિ પ્રમાણે શાસન સ્થાપના દિનની ઉજવણી બાબતે શ્રી સંઘમાં જાગૃતિ લાવવા માટે સઘન વ્યાપક પ્રચારના કાર્યમાં પૂર્ણ સહયોગ.
- ❖ છ'રી પાલક સંઘ,ઉપધાન તપ,સામુદાયિક ઓળી,અઠ્ઠમ જેવા તપ, યાત્રા આદિના અનુષ્ઠાનોમાં વ્યવસ્થા-સંચાલનની સાથે તપસ્વીઓની સેવા.
- ❖ સ્થાનિક સંઘની કાર્યવાહક મંડળી કે કારોભારી મંડળીના સભ્ય તરીકે સંઘભાવનાથી સેવાનો લાભ લેવા તેજસ્વી પ્રતિભાસંપન્ન યુવાનોની તત્પર.

## સાધર્મિક ભક્તિ અને વાત્સલ્ય

- ❖ સાધર્મિક સ્વાવલંબી બને તે માટેના પ્રયાસો.
- ❖ સાધર્મિકોને જીવનનિર્વાહ માટે તેમની આવડત અને કુશળતા પ્રમાણે ગૃહઉદ્યોગ,લઘુઉદ્યોગ ચલાવવા માટેની સવલત.
- ❖ વ્યસનો-કુટેવોમાં ફસાયેલા સાધર્મિક યુવાનોના કલ્યાણ મિત્ર બની, ઉચિત માર્ગે સદાચારી બનાવવા.
- ❖ વ્યાવસાયિક પરિવારની પડતી આર્થિક તૂટ નિવારવા વ્યવસાયમાં સહકાર.
- ❖ સાધાર્મિક પરિવારોના સંતાનોને સક્ષમ બનાવવા માટે સહકાર.
- ❖ જીવનનિર્વાહના વિકલ્પના અભાવે સાધર્મિક પરિવારોની અન્ન-વસ્ત્રાદિથી ભક્તિ.
- ❖ સાધર્મિક પરિવારોને બીમારી વખતે આયુવેદિક ચિકીત્સા, ઔષધિ આદિની વિના મૂલ્યે સુવિધા.
- ❖ પર્વો,ઉત્સવોમાં મીઠાઈ,વસ્ત્રો,પૂજા-સામાયિક માટેના વસ્ત્રો, ધાર્મિક ઉપકરણો આદિ ભક્તિ અને બહુમાનપૂર્વક સાધર્મિકોને અર્પણ.

## ધર્મ જાગરણ - સંસ્કૃતિ જાગરણ

- ❖ મુંબઈમાં બે સ્થાનોમાં ચૌવિહારહાઉસની વ્યવસ્થા અને ત્યાં પધારતા યુવાનોમાં પરિપત્ર વિતરણ દ્વારા વૈચારિક જાગરણ.
- ❖ પૂજ્ય સાધુસાધ્વીજી ન હોય તેવા દેશ તથા વિદેશના સ્થાનોમાં જઈ વર્ધમાન પરિવારના યુવાનો દ્વારા પર્યુષણ પર્વની આરાધના કરવી અને સ્થાનિક શ્રી સંઘને આરાધના કરાવવી.
- ❖ નમસ્કાર મહામંત્રની આરાધના અને જાપ દ્વારા શાસન પ્રભાવનાના વિવિધ કાર્યો

- ❖ સદ્ગત પૂજ્ય વેણીશંકર મરારજી વાસુ નિર્મિત ચિત્રપટના પ્રદર્શનો દ્વારા ગૌ (પશુ)-જલરક્ષા ભૂરક્ષા-વનરક્ષાના જીવનચક્રની સમજ આપવા દ્વારા આર્ય જીવન વ્યવસ્થાના મૂળભૂત સિદ્ધાંતોનાં અને વ્યવહારના વિષયમાં પ્રજાજાગૃતિ.
- ❖ જિલ્લાસ્તરે વર્ષોથી ગ્રામ્ય સંસ્કૃતિને જીવંત રાખવા કાર્યરત તેમજ રાષ્ટ્રીયસ્તરે આર્યસંસ્કૃતિની રક્ષા માટે કાર્યરત વિવિધ કુશળ અને અનુભવી આગેવાન કાર્યકરોના માર્ગદર્શન અનુસાર ગ્રામ્યસ્તરે સંસ્કૃતિ રક્ષા અને વ્યવસ્થાની પુનઃસ્થાપના માટેનાં કાર્યો.
- ❖ સંસ્કૃતિના પવિત્ર મૂલ્યો પર વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પ્રકાશ ફેકતાં સુંદર લેખો તૈયાર કરી-કરાવી વર્તમાનપત્રોમાં તેના વ્યાપક પ્રસારણ દ્વારા વૈચારિક ક્રાન્તિનું અભિયાન.
- ❖ સમાજ કે રાજ્યસત્તાના પ્રમુખસ્થાને બિરાજતાં મહાનુભવો સાથેની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા સંસ્કૃતિરક્ષા માટે સક્રિય થવા નમ્રતાપૂર્વક અંગુલિનિર્દેશ.
- ❖ પ્રેરક પુસ્તકો ઉપર નિયમિત સમયાંતરે કસોટીસ્પર્ધાઓ યોજવા દ્વારા સમ્યગ્જ્ઞાનની આરાધનાની સાથે સંસ્કૃતિજાગરણનો પ્રયાસ.

## બાળ-સંસ્કરણ

- ❖ તાલીમ બદ્ધ યુવાનો દ્વારા સંઘનાં સહકારમાં પાઠશાળાનાં ઉત્તેજન માટે પ્રયાસ.
- ❖ શ્રુત્ર કંઠસ્થ,વકતૃત્વ, નિબંધ,સ્તવન,આદિ આયોજનો દ્વારા શિશુશક્તિનું પ્રાગટય.
- ❖ સમૂહ સામાયિક અને બાલ-સંસ્કરણ શિબિરોનું આયોજન.
- ❖ પ્રભાતફેરી, ચૈત્યપરીપાટી, શાસનવંદના આદિ કાર્યક્રમો દ્વારા બાળકોમાં ભક્તિ અને ખુમારીના સંસ્કારનું વાવેતર.

## અનુકંપા

- ❖ દીન-દુઃખી જનોને કપડાઓનું વિતરણ.
- ❖ શિયાળાની કડકડતી ઠંડીમાં ફૂટપાથ પર ખુલ્લા શરીરે ધ્રુજતા અને ઠૂંઠવાતા અનાથ, અસહાય, લાચાર અને રાંક જનોને ધાબળા,કંતાન અને ચોરસા ઓઢાડવાની પુણ્યપ્રવૃત્તિ.
- ❖ અનાથાશ્રમ અને વદ્ધાશ્રમોની મુલાકાત લઈ પીડીતોનાં આંસુ લૂછવાનો અને તેમને માનવીય હુંફ આપવાનો ઉપક્રમ.
- ❖ પરમાત્માના જન્મ કલ્યાણ આદિ પર્વોમાં દીનબંધુઓને મીઠાઈ આદિ સ્નેહપૂર્વક અર્પણ.
- ❖ દુષ્કાળ,ભૂકંપ આદિ કુદરતી કે અન્ય કૃત્રિમ આપતિઓનો ભોગ બનેલા લોકોને ફરી બેઠા કરી, તેમના જીવનમાં હોશં અને હૂંફ પૂરવાના તન-મન-ધનથી સક્રિય પ્રયત્નો.

## જીવરક્ષા

- ❖ અખિલ ભારત કૃષિ ગૌ સેવા સંઘ નામની સખી સંસ્થાની સાથે રહીને ગેરકાયદે કતલ માટે જતાં જીવોને બચાવવાનું અને પશુઓને ગેરકાયદેસર કતલખાને લઈ જતાં દુષ્ટ તત્વોને જાનનાજોખમે પણ પડકારવાનું અભિયાન.
- ❖ ધાર્મિક,આર્થિક,પર્યાવરણ,આરોગ્ય,સામાજિક,રાજકીય આદિ અનેક દ્રષ્ટિકોણથી જીવ હિંસાના ઘાતક પરિણામોથી પ્રજાને અને વિવિધ ક્ષેત્રોના મોવાડીઓને વાકેફ કરવાના પ્રચાર કાર્યો.
- ❖ જીવરક્ષાને કેન્દ્રમાં રાખીને રાજ્યનીતિ ઘડાય તે માટે સરકાર અને પ્રશાસનના અગ્રણીઓ સાથે વાટાઘાટો.
- ❖ હિસાથી સગ્રગ પ્રજાને અને પર્યાવરણને થનારી હાનીથી પ્રજાને જાગૃત કરીને હિંસા નિવારવાના અભિયાનમાં જોડાવાના સફળ પ્રયાસો.

❖ હિંસક જીવનશૈલીના મૂળિયા સમાન યંત્રો,આધુનિક કૃષિપદ્ધતિ,રાસાયણિક ખાતરો આદિની વિનાશકતાથી પ્રજાને માહેર કરવાના ઘનિષ્ઠ કાર્યક્રમો.

❖ હજારો પશુઓને ગેરકાયદે કતલમાંથી બચાવનારા જીવદયારત્ન, માલેગાવ નિવાસી શ્રી કેસરીચંદજી મહેતાના માર્ગદર્શન હેઠળ શ્રી વર્ધમાન પરિવાર અને અને અખિલ ભારત કૃષિ ગૌસેવા સંઘ દ્વારા દુષ્કાળમા ં રાહતકાર્યો,પાંજરાપોળોને આર્થિક સહયોગ વગેરે કરવા આવે છે.

❖ શ્રી વર્ધમાન પરિવાર દ્વારા છતના સમયમાં નીચા મૂલ્યે ઘાસ મેળવી,ગંજી બનાવી તેનો સંગ્રહ કરાય છે, જેનું દુષ્કાળ વખતે વિના મૂલ્યે કે રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

❖ કતલખાના અને પશુઓની ગેરકાયદે થતી કતલ, હજારો કૂતરાની નિમર્મ કતલ,પક્ષીઓના ગેરકાનૂની વેપાર અને તેમની ઉપર કરાતા અમાનવીય અત્યાચારો આદિ રોકવાના કે બંધ કરાવવાના,વિવિધ એકમો દ્વારા થયેલા જીવદયાના શ્રેષ્ઠ કાર્યોમાં વર્ધમાન પરિવારના યુવાનોએ સક્રિય રીતે જોડાઈને અમારિ પ્રર્વતનના શાસ્ત્રીય કર્તવ્ય પાલન માટે યથા શક્તિ પ્રયાસ કર્યો છે.

## સુકૃતોની અનુમોદના અને સક્રિય સહયોગ

❖ કોઈ પણનાં શુદ્ધ હેતપૂર્વકનાં અને સંસ્કૃતિને હાનિકર ન હોય તેવા તમામ સર્વકલ્યાણકારી કાર્યોની અમે હમેશા સક્રિયપણે જાહેર અનુમોદના કરીએ છીએ.

❖ આવાં કાર્યો કોઈ પણ કરતું હોય, તે કામ અમારું જ છે તેવું અમે માનીએ છીએ અને જેમને અમારાં સેવા અને સહયોગ લેવા બાબતે નારાજી નથી તેઓના આવાં કોર્યોમાં અમે (અમારી કોઈ વિશેષ પ્રતિકુળતા ન હોય તો) અવશ્ય સેવા અને સહયોગ આપીએ છીએ, વાસ્તવમાં એ કાર્ય અમારું જ કામ છે એમ માનીને કરીએ છીએ.

❖ વર્ધમાન પરિવારનું પોતાનું આયોજન ન હોય અને અન્યો દ્વારા આયોજિત હોય તેવાં વિવિધ મહોત્સવો,શાસનલક્ષી અનુષ્ઠાનો, સઘંયાત્રાઓ, જીવરક્ષા, સંસકૃતિરક્ષા અને ધર્મરક્ષા વિષયક અનેક કાર્યોમાં અને આયોજનમાં વર્ધમાન પરિવારના યુવાનો નામ કામનાથી પર રહીને આયોજન, વ્યવસ્થા, જયાણાપાલન, પ્રચારપ્રસાર, ભક્તિ, શુદ્ધિ, વૈયાવચ્ચ આદિ અનેકવિધ પ્રકારે સેવા અને સહયોગ વર્ષોથી આપી રહ્યા છે.

❖ વર્ધમાન પરિવાર જિનશાસન અંતર્ગત શાસનસાપેક્ષ સંસ્થા હોવાથી શાસનનાં તમામ કાર્યોમાં અમારા સામર્થ્ય પ્રમાણે અમારે સહયોગ કરવો તે અમારું કર્તવ્ય છે તેવું અમે માનીએ છીએ, કોઈ પણ સંસ્થા આવાં કાર્યો માટેનું સાધન અને માધ્યમ હોય છે, નહીં કે સાધ્ય. સાધનને અમે કદી સાધ્ય નહીં બનાવીએ એવો અમારો દ્રઢ સંકલ્પ છે.

### આત્મીય મહાનુભાવ,

અનંતકલ્યાણકર જૈનશાસનના સેવકની રુઈએ તમે અમારા આત્મીયજન છો, સ્વજન છો. અરિહંત પરમાત્માનો જેના પર અનંત અનુગ્રહ છે, પૂજ્ય ગુરૂભગવંતોની જેના પર અસીમ કૃપા છે અને સકલ સંઘની જેના પર સતત અમીવર્ષા વરસે છે તેવા શ્રી વધર્માન પરિવાર શાસનસેવાની વિવિધ પ્રવૃત્તિઓથી આપ પરિચિત હશો જ અને આ પરિપત્રથી આપ સુપરિચિત બનશો.

અનંત કલ્યાણના ધામ સમા જૈન શાસનની સેવા કાજે હજુ ઘણું ઘણું કરી છૂટવું છે. તે માટે અપેક્ષિત છે—

❖ આપની શુભ ભાવનાનું પ્રચંડ પીઠબળ. ❖ આપનું મોંઘેરું માર્ગદર્શન. ❖ અમારી ત્રુટિઓ તરફનું આપનું પ્રેમાળ આંગળી ચીંધણું. ❖ આપનો સ્નેહાળ સહકાર. ❖ આપની પ્રેમભરી ઉષ્મા અને હૂંફ.

# અપીલ નહીં, પણ આહ્વાન

પાતાળે દટાતા જતા ભારતીય સંસ્કૃતિના ગોવર્ધનને ફરી ઊંચો કરી, તેની ઢાલ (કહેવાતા નૂતન વિકાસ પરંતુ હકીકતે) સર્વનાશની સામે ધરવા, અબોલ પણ અણમોલ પશુ-ધનની રક્ષા કરવા,વનરક્ષા-ભૂરક્ષા-ગોરક્ષા અને જલરક્ષાના તારક ચતુષ્કને ગતિમાન રાખવા,તથા સામાન્યજનને પણ આ જીવન દોહ્યલું લાગવાને બદલે પ્રભુનો ઉત્તમ ઉપહાર લાગે તેવી પરિસ્થિતિ સર્જવાના ભગીરથ કાર્યમાંઆપ જોડાઓ તે માટે અમારું આહ્વાન છે.

**પૂજ્ય કેસરીચંદજી મહેતાના માર્ગદર્શ હેઠળ :** શ્રી વર્ધમાન પરિવાર અને સખી સંસ્થા અખીલ ભારત કૃષિ ગોસેવા સંઘ કતલખાને જતા જીવોને જાનના જોખમે બચાવવા અનેક કાર્યકરોની ફોજ ભારત ભરમાં કાર્યરત છે. આખા વરસ દરમ્યાન છૂટાછવાયા પકડાતા હજારો પશુઓને કતલખાને લઈ જનારી ટ્રકો, ટ્રેન, તેમજ વણાજારાઓ દ્વારા કત્તલખાને જતાં પશુઓને જાનને જોખમે પીછો પકડી જીવોને બચાવાય છે... પછી પોલીસ કેસ થાય છે... પશુઓની અંતિમ કસ્ટડી લેવાય છે... કોર્ટમાં કેસ કરવામાં આવે છે...અમારી તથા અન્ય સંસ્થાઓના નામે કરેલા કેસમાં પણ વકીલોને રોકી આપણે સાથે રહી કેસો લડીએ છીએ... બચાવેલા જીવોને તે તે વિસ્તારની ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં આશ્રય આપીએ છીએ.

**દુષ્કાળમાં ઘાસચારો વિતરણ :** દુષ્કાળના ગયા વર્ષના જુન ૨૦૧૨થી સપ્ટેમ્બર ૨૦૧૨સુધીમાં રૂપિયા ૨૭,૯૬,૪૬૫/ - નો ઘાસચારો તેમજ અન્ય પાંજરાપોળોમાં રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- જેવી રકમ પણ ફાળવવામાં આવી હતી. એપ્રીલ ૨૦૧૩ થી ઓગષ્ટ ૨૦૧૩ સુધીમાં રૂા. ૭૨,૫૬,૪૬૫/- નો સુકો તેમજ લીલો ઘાસચારો કચ્છના અબડાસા તાલુકાના દસથી બાર ગામના૧૦,૦૦૦ ગૌવંશ માટેની વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી અને મૃત્યુના મુખમાંથી બચાવી લેવામાં આવ્યા હતા.

**ખેડૂત સંમેલન :** કેમિકલ ફર્ટિલાઇઝર્સ અને પેસ્ટીસાઇડ્સના ઉપયોગને કારણે અનાજ, ફળફૂલ, શાકભાજી વગેરે દુષિત થયા છે. તે અંગે જાગૃતિ લાવવા જુદા જુદા તાલુકાઓમાં સંમેલન કરીને વિશિષ્ટ વક્તાઓને બોલાવીને રાસાયણિક ખાતરના મહાભયંકર નુકસાનોને સમજાવીને રોગ અને દવાના દોઝખમાંથી દૂર કરવા માટે અને ટ્રેક્ટરોને બદલે પશુપાલનની મહત્તા સમજાવીને પશુ આધારિત અલ્પહિંસક અર્થતંત્રની પુનઃ પ્રતિષ્ઠાની સ્થાપના. ગુજરાત રાજ્યના ઉંઝા ગામે ૨૭ જાન્યુ. ૧૩ અને વિજાપુર ગામે ૩ ફેબ્રુ. ૧૩ના દિવસે ખેડૂત સંમેલન કરવામાં આવ્યા હતા.

**કાનૂની લડત**

**અહિંસા પ્રેમીઓનો જ્વલંત વિજ્ય :** ભારતીય ગૌવંશ રક્ષણ સંર્વધન પરિષદ તેમ જ અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ દ્વારા (બકરી ઇદના કેસમાં) જીવદયા પ્રેમી સંસ્થાના એડવોકેટ શ્રી પ્રફુલ્લ ભાઈ શાહ શ્રી સતીશ માન શિંદે અને શ્રી ઓમ પ્રકાશ ઝાએ દેવનાર કતલખાના સિવાય બહાર કોઈ કતલ થઈ શકે નહિ એવી દલીલો કરી વિરોધ કર્યો હતો. અને ખુદ રાજ્ય સરકારના એટર્ની જનરલ અને મનપાના વકીલે પણ જણાવ્યું હતું કે અમે દેવનારમાં વ્યવસ્થા આપીએ છીએ તેથી ગલ્લીઓ કે મહોલ્લાઓમાં કતલ કરવાની વ્યવસ્થાની જવાબદારી અમે વહન ન કરી શકીએ.

**સંપૂર્ણ ગૌવંશ વધ પ્રતિબંધના કાયદા માટે યોજાયેલી મહારેલી:** મહારાષ્ટ્ર સંપૂર્ણ ગૌવંશવધ પ્રતિબંધ ખરડાને કાયદાનું સ્વરૂપ આપવાની તેમ જ મહારાષ્ટ્રમાંથી માંસની નિકાસ માટે પશુઓની કરવામાં આવતી કતલને બંધ કરવાની માંગણી સાથે અહિંસા રેલીનું આયોજન ઓપેરાહાઉસથી આઝાદ મેદાન સુધી કરવામાં આવ્યું હતું. આ રેલીમાં હજ્જારો જીવદયા પ્રેમીઓ જોડાયા હતા.

**પોલીસ દ્વારા લગાડવામાં આવતા ખોટા કેસ :** જીવદયા ના કાર્યકરો પર પોલીસ દ્વારા લગાડવામાં આવતા ખોટા કેસ વિષે અખિલભારત કૃષિ ગૌસેવા સંઘના અધ્યક્ષ શ્રી કેસરીચંજી મહેતા અને શ્રી મંગલ

પ્રભાત લોઢા,અને શ્રી વર્ધમાન પરિવારના યુવાનોએ ગૃહપ્રધાન શ્રી આર. આર. પાટીલને મળીને અત્યારે કાયદાનું પાલન કરવામાં સહાયભૂત બનતા કાર્યકરો પર પોલીસ સ્ટેશન દ્વારા લગાડવામાં આવતા ખોટા આરોપો સામે રક્ષણ મેળવવાની તથા ચોકી બનાવી દેવા રજૂઆત કરી હતી.

### માંસ નિકાસ દ્વારા દેશનો વિકાસ નહિં પરંતુ વિનાશ થાય છે

આ દેશના રાજ્યકર્તાઓને એક તો હુંડિયામણનો હડકવા લાગેલો છે અને લોકશાહીને વોટબેન્કનો લુણો લાગેલો છે. તેથી પશુરક્ષાની વાત ન તો આયોજનપંચના કે આજના રાજ્યકર્તાઓના પ્રાયોરિટી લિસ્ટમાં તેનું નામોનિશાન પણ નથી.

જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજાએ રાજ્યસભામાં મીટ એકસપોર્ટ પોલિસીની પિટીશન ના કારણે લોકોમાં ખાસ્સી જાગૃતિ તો આવી છે. રાજ્યસભાના ડેપ્યુટી સ્પીકર દ્વારા લોકોના અભિપ્રાયો મંગાવ્યા હતાં. તા. ૧૧-૦૭-૨૦૧૩ સુધી મોકલવાના હતા તેમાં મુંબઈથી અને ભારતભરમાંથી વિરોધ થાય તે માટે શ્રી વર્ધમાન પરિવારના કાર્યકર્તાઓએ સખત મહેનત કરી બધે ફોન ફેક્સ,ઈમેલ દ્વારા વિરોધ નોધાવ્યો હતો. શ્રી વર્ધમાન પરિવારની અભ્યતંર પર્ષદાએ (૧) SAY NO TO MEAT EXPORTS (MEATONOMICS) નામની મીટ એકસેપોર્ટને અનુલક્ષીને (૨) PLUNDER OF INDIA બાંગ્લાદેશમાં દાણચોરી દ્વારા થતી પશુઓની દાણચોરી અંગેનો રિસર્ચ રિપોર્ટ બનાવીને બોદ્ધિક લોકોને મોકલાવી છે. હજુ આગળ કાર્યવાહી ચાલુ છે.

### ચેરીટેબલ ટ્રસ્ટોએ હાલ ૨ ટકા કોન્ટ્રીબ્યુશન ચાર્જીસ ભરવા ન જોઈએ

શ્રી વર્ધમાન પરિવાર દ્વારા જૈન સંઘોને તથા અનેક ચેરિટેબલ ટ્રસ્ટોને વિનંતી કરવામાં આવે છે કે પી.આઈ,એલ.૪૦/ ૨૦૦૭ મુજબ ચિફ જસ્ટીસ શ્રી જે. એન. મહેતાના વચગાળાના આદેશ મુજબ હાલ કોઈ ૨ડનો સેસ ભરવાની જરૂરિયાત નથી. કેમકે મુબંઈ વડી આદાલતનો સ્ટે ઓર્ડર હાલ અમલમાં છે. મહારાષ્ટ્રના જૈન સંઘોને અગાઉ આ બાબત જાણ કરી હોવા છતાં ઘણા બધા ટ્રસ્ટો આ અંગેનો સેસ હમણાં પણ ભરવાનું ચાલું રાખ્યું હોવાથી બિન જરૂરી ટ્રસ્ટોના ફંડમાંથી દેવદ્રવ્યની રકમ ખોટી રીતે વેડફાઈ રહી છે તો આ અંગે ચેરિટી કમિશનર તરફથી હવે કોઈપણ દબાણ કરવામાં આવશે નહિં અને છતાં કોઈ ટ્રસ્ટોને ચેરિટી કમિશનર તરફથી આપને છેલ્લા ત્રણ ચાર વર્ષના સેસ ભરવા માટે કોઈ પણ દબાણ કે નોટીસ આવે તો શ્રી વર્ધમાન પરિવાર આ બાબત નિશુલ્ક માર્ગદર્શન આપીને તેઓનો કેસ લડી આપશે.

મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવતાં પ્રોપટી ટેક્સમાં પણ એકઝમ્પશન (Exemtion) મળી શકે છે. તેનો લાભ લઈને દેવદ્રવ્યના લાખો/કરોડો રૂપિયા બચાવવા સંઘોને નમ્ર વિનંતિ

જે ટ્રસ્ટ રજિસ્ટર હોય અને જે જમીન કે મકાન મિલ્કતનો ઉપયોગ સપૂર્ણપણે જાહેર પ્રાર્થના સ્થળ અથવા તો અન્ય ધાર્મિક ક્રિયાઓ કે ધર્માદાના હેતુંઓ માટે કરવામાં આવતો હોય તેવા દેરાસર,ઉપાશ્રય કે આયબિલ ખાતાની પ્રોપટી ઉપરનો ટેક્સ મહાનગર પાલિકા એકટના સેકશન ૧૪૩(૧)(એ) હેઠળ ધ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૮૮૮ અંર્તગત સંપૂર્ણ માફી મળી શકે છે. તે માટે મહાનગર પાલિકામાં તે અંગે એક સાદી અરજી કરીને ટ્રસ્ટોનો રજિસ્ટ્રેશન નંબર,પેન નંબર તેમજ ઓડિટ હિસાબની છેલ્લા બે વરસની કોપી સાથે કેટલાક ચાર્જીસને બાદ કરતાં સપૂર્ણપણે માફી મળે છે.

આપશ્રીને મળેલા અધિકારનો સદુપયોગ કરીને જૈનસંઘોએ સામુહિક રીતે ઉપરોકત બંને કરમાફીનો લાભ લઈને ધર્મદ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ.

લી. વર્ધમાન પરિવાર વતી

શ્રી ચંદ્રકાન્તભાઈ હરગોવિંદાસ શાહ

# દુષ્કાળ




**પશુપાલકોને ઉનાળામાં ઘાસ વિતરણ કરી... પશુઓને બચાવવાનું કાર્ય**



**પશુપાલકોને ઉનાળામાં ઘાસ વિતરણ કરી વાછરડાઓ પણ**
**પશુપાલકો જ મોટા કરે છે જેથી કતલખાને જતાં બચે છે**



શ્રી વર્ધમાન પરિવારની ટીમ દુષ્કાળગ્રસ્ત અબડાસા તાલુકા વિસ્તારની મુલાકાતે





**શ્રી વર્ધમાન પરિવારની ટીમ દુષ્કાળગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી ત્યારે માલધારીઓ પોતાને થયેલા દેણાની વિગતો દર્શાવતો નજરે પડે છે.**



**શ્રી વર્ધમાન પરિવારની ટીમ દુષ્કાળગ્રસ્ત ચિયાસર ગામમાં માલધારીઓ પાસેથી દુષ્કાળની પરિસ્થિતિનો તાગ લઈ રહી છે.**



**શ્રી વર્ધમાન પરિવાર દ્વારા કચ્છના અબડાસા તાલુકાના ગામમાં**
**ઘાસ વિતરણનું કાર્ય ટ્રક મોકલીને કરી રહ્યા છે.**





**શ્રી વર્ધમાન પરિવાર દ્વારા છાસ કેન્દ્ર કચ્છમાં ચલાવવામાં આવે છે.**



**દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં પડેલા વરસાદની વધામણીના રૂપે**
**શ્રી વર્ધમાન પરિવાર દ્વારા લોકોને મીઠાઈનું વિતરણ.**

# દેશી બિયારણની ખેતી



**મહાજનભાઈઓની જમીનમાં પશુઓ માટે જુવારનું બિયારણ આપીને વાવેતર**



# ખેડૂત સંમેલન




**પૂ. આચાર્ય ભગવંત મુક્તિદર્શનસૂરીશ્વરજી મ.સા. દ્વારા ખેડૂતોને ઉદ્‌બોધન...**




**સમગ્ર પ્રજાનું કલ્યાણ થાય તે હેતુથી ખેડૂતોને દેશી ખેતીની સાચી સમજણ તથા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાથી ભયંકર હિંસાથી બચવાની સાચી સમજણ**



ખેડૂત સંમેલનમાં સંબોધન કરતાં અતુલભાઈ (સી.એ.)



''હે જગતનો તાત તું શાને નિરાધાર ?'' પુસ્તકના લેખક જ.ર.શા. દ્વારા
સાત પુસ્તકોના સેટ દ્વારા પ્રજામાં જાગૃતિ અભિયાન...



ખેડૂતભાઈઓ ઉંઝા મુકામે રાખેલી સભામાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



પર્યાવરણમાં થતાં પ્રદૂષણની મુક્તિ માટે એકાગાડાનું વિતરણ

# ગૌવંશ હત્યા પ્રતિબંધ રેલી



મુંબઈના પંચરત્નથી નીકળેલી રેલીમાં મોટી સંખ્યામાં
જીવદયાપ્રેમીઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું.



પંચરત્નથી નીકળેલી રેલીમાં 'અહિંસારથ' તથા જનમેદની



**ગૌવંશના હત્યાના વિરોધમાં આબાલ-વૃદ્ધ તમામ ઉમટી પડ્યા હતા.**




**ગૌવંશ પ્રતિબંધની મોટી રેલીમાં પધારેલા પૂજ્ય મ.સા.ની સાથે**
**શ્રી મંગલપ્રભાતજી લોઢા (એમ.એલ.એ.)**




પંચરત્નથી નીકળેલ ગૌવંશ પ્રતિબંધ રેલીમાં પધારેલ બહેનો...




ગૌવંશ હત્યાના વિરોધમાં આવા અનેક બેનરો પણ નજરે પડતા હતા.




**આઝાદ મેદાનમાં રેલી પછીની સભા**



**આઝાદ મેદાનમાં મોટી સંખ્યામાં ઉમટેલી મેદની**




**આઝાદ મેદાનમાં ગૌવંશપ્રેમીઓને સંબોધન કરતાં સંસ્થાના વહીવટદાર અતુલભાઈ (સી.એ.)**

# આયુર્વેદ




શ્રી વર્ધમાન પરિવાર તરફથી નિ:શુલ્ક આયુર્વેદિક શિબિરનું આયોજન



જળો દ્વારા ચિકિત્સા કરતાં વૈદ

# બાળ સંસ્કરણ



પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
બાળકોની શિબિરનું સંચાલન... ગિરિવિહાર... પાલિતાણા મુકામે



શિબિરમાં બાળકો દ્વારા બતાવાતી પ્રતિભા.



પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં જૂનાગઢ મુકામે શિબિરનું સંચાલન. બાળકોને પ્રભુભક્તિમાં પ્રોત્સાહિત કરતા શ્રી વર્ધમાન પરિવારના કાર્યકર્તાઓ



પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
જૂનાગઢ મુકામે શિબિરમાં પ્રભુભક્તિમાં મગ્ન બાળકો

# બહેનોની શિબિરનું આયોજન



પૂજ્ય આચાર્ય દેવશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયનાં
પૂ. સાધ્વીજીભગવંત દ્વારા બહેનોની શિબિરનું સંચાલન



સાત ક્ષેત્રમાં સાતમું શ્રાવિકાક્ષેત્રના વિશિષ્ઠ સંસ્કાર દ્વારા ઉપરના છ ક્ષેત્રોની જાગૃતિ

# ગિરિરાજ પૂજન



પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
શત્રુજ્યં ગિરિરાજ પૂજનનું શ્રી વર્ધમાન પરિવાર દ્વારા સંચાલન



પૂ. ગચ્છાધિપતિ શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં
શત્રુજ્યં ગિરિરાજ પૂજનમાં પધારેલ ચર્તુવિધ સંઘ

# અનાજ વિતરણ આયોજન



**બોરસદ તાલુકામાં શ્રી વર્ધમાન પરિવાર અને અર્પણ ગ્રુપના કાર્યકર્તાઓ દ્વારા**
**વિહાર ક્ષેત્રોમાં દેરાસરના સ્ટાફને અનાજ વિતરણ**



**બોરસદ તાલુકામાં શ્રી વર્ધમાન પરિવાર અને અર્પણ ગ્રુપના**
**કાર્યકર્તાઓ દ્વારા વિહાર ક્ષેત્રોમાં અનાજનું વિતરણ**

# વૃક્ષ વિતરણ



વિજાપુર તાલુકાના પ્રેમપૂરા ગામમાં તમામ ખેડૂતોને જૈવિક ખેતી અંગે માર્ગદર્શન
આપતાં શ્રી વર્ધમાન પરિવારના વહીવટદાર શ્રી ચંદ્રકાંતભાઈ શાહ



વિજાપુર તાલુકામાં પ્રેમપુરા ગામમાં વૃક્ષ આપીને ખેડૂતોને
પશુ માટે જુવાર- બાજરાનું વાવેતર કરવાની પ્રતિજ્ઞા



**વિજાપુર તાલુકામાં પ્રેમપૂરા ગામમાં તમામ ખેડૂતોને**
**આંબો, આંમળા, દાડમ, ચીકુ, સરગવાનાં વૃક્ષોનું વિતરણ**



**વિજાપુર તાલુકામાં પ્રેમપુરા ગામમાં વૃક્ષ વિતરણનો કાર્યક્રમ**

# બાંગ્લાદેશમાં દાણચોરી દ્વારા લઈ જવાતા પશુધન અંગે સર્વેક્ષણ




**ભારત- બાંગ્લાદેશના બાલિયાસીસા બોર્ડર પર શ્રી વર્ધમાન પરિવારની ટીમ**



**બીરોઈ ગામ (વેસ્ટ બંગાળ)ની પશુ માર્કેટનો શ્રી વર્ધમાન પરિવારે લીધેલો તાગ**



ભારત-બાંગ્લાદેશની બોર્ડરના ગામમાં જઈ શ્રી વર્ધમાન પરિવારની ટીમે
ગેરકાયદેસર પશુઓની દાણચોરી અંગે ચર્ચા-વિચારણા કરી હતી.



ભારતમાંથી ગેરકાયદે બાંગ્લાદેશ લઈ જવાતા પશુઓ અંગે ઇન્ડો- બાંગ્લાદેશ
રિલેશનના ડાયરેક્ટરની ઓફિસમાં ચર્ચા કરતાં શ્રી વર્ધમાન પરિવારના કાર્યકરો.

# ગુરૂવારીય મિલન



શ્રી વર્ધમાન પરિવારની ઓફિસમાં દર ગુરૂવારે શાસનપ્રેમીઓનું મિલન



શાસન પર આવતાં આક્રમણો પર ગંભીર ચર્ચા કરતાં શ્રી વર્ધમાન પરિવારના કાર્યકર્તા



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



? ? ? ? ?



**શ્રી વર્ધમાન પરિવારની ટીમ ૨૯-૯-૧૪ ના**
**રોજ આર. એસ. એસ.ના પ્રમુખ શ્રી મોહન ભાગવતને દિલ્હીમાં મળી હતી**



**શ્રી વર્ધમાન પરિવારની ટીમ ૨૮-૯-૧૪ ના**
**રોજ ભાજપના નેતા નીતીન ગડકરીને દિલ્હીમાં મળી હતી**



**વકીલોનું સન્માન**



**વકીલોનું સન્માન**



વકીલોનું સન્માન



વકીલોનું સન્માન